## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

મારે જલ્દી જોતી'તી જળ પામવાની મંજૂરી,
તેં તરસ દઇ આપી કૂવો ગાળવાની મંજૂરી.

કેટલાં બીબાં,મુખોટા,કેટલા વાઘા દીધાં ?
ને દીધી એમાં સંબંધો ઢાળવાની મંજૂરી.

સૂક્ષ્મથીયે સૂક્ષ્મ છો ને છદ્મવેષે છો ભલે,
આપી તારીખ આંગળીને ઝાલવાની મંજૂરી.

મધુમતી મહેતા.

### પાથેય

- રમેશ ઠક્કર

## મંજૂરીની મોહજાળ..!

મંજૂરી એ પણ આખરે તો મજબૂરી જેવી બની રહે છે..આપણું જીવન કશાક આધારે ચાલતું રહે છે..એ દેખીતો પણ હોઇ શકે અને ક્યારેક વિશ્વાસ જેવો એહસાસ પણ હોઇ શકે..કોઇકનો ભરોસો એ આપણા સહુની તલાશ છે..માણસ એકમેકને જયારે એ નથી આપતો ત્યારે એ ઇશ્વરના ભરોસે બધું ચલાવતો થઈ જાય છે.આપણી તાલાવેલી પણ કેવી તીવ્ર હોય છે ? ગળામાં સખ્ત પ્યાસ ભરી હોય અને કોઇકની પાસે પાણી માગીએ ત્યારે એ કૂવો ગાળવાની પરમિશન આપી દેતા હોય છે ! એ વિડંબના એ જ જાણે વ્યવ્હારિક જગતનું સત્ય છે..માત્ર બે પંક્તિઓમાં આવી ગહન વાતને વ્યકત કરવી એ જેવી તેવી સિધ્ધિ નથી.

કહેવાય છે કે દરેક માણસને બે ચહેરા હોય છે..એક એની અંદરનો જે એને પોતાને જ ખબર હોય છે.અને એક એવો ચહેરો જે જગતમાં એની બાહય ઓળખ બની રહે છે..મુખ હોય એટલે મુખવટો પણ હોય જ ! એક જેવાં બીબાં અને એમાંથી પ્રગટતા એક જેવા માણસો આખરે તો કશું નવું નીપજાવતા નથી.અવનવા વાઘામાં હરપળે અલગ લાગતો માણસ લિબાશને જ જાણે પોતાની પહેચાન બનાવી નાખે છે..એક નૂર આદમી હજાર નૂર કપડાં જેવી ઉકિતઓ એની ગવાહી પૂરે છે..આ બધાં બાહય આવરણો ભેદી બહાર નીકળવું એ મહત્વની બાબત છે..એ જ સાચી કામિયાબી હોઇ શકે..આ બધી ભુલભુલામણી વચ્ચે જગત સંબંધો બાંધવાની મંજૂરી આપતું રહે છે !

એ પછી રહસ્ય ખુલતું જાય છે..સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ જે સત્ય છે એનો એહસાસ જરૂરી છે.એ ભલે રજકણ જેવડું હોય.એ દેખાતું પણ ના હોય એવું બને..આંગળી એ આપણા પ્રયાસ કે પુરૂષાર્થનું પ્રતિક બની જાય છે..એને આ પામવા માટેની મંજૂરી અને નિયત તારીખ મળેલી હોય છે..! આપણે ઇચ્છા કરીએ એ ઘણીવાર અલગ હોય અને સંજોગો તરફથી જે મંજૂરી મળે છે એ પણ અલગ હોય છે. એટલે જ કદાચ કહેવાયું છે કે માણસ ધારે છે કંઇક અલગ અને ઇશ્વર એને આપે છે કંઇક અલગ ! મનોરથ માધાતાના અને કરમ કઠિયારાનાં એવો ઘાટ ચોતરફ જોવા મળે છે..આપણું હોવું એ એક શરતી મંજૂરી છે..એને આધીન રહી જીવનનો મર્મ પામવો એ જેવી તેવી વાત નથી.

# ન્યાયપાલિકાએ એની શાખ જાળવવી પડશે

**તંત્રીસ્થાનેથી...**

સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ કેન્દ્ર અને રાજય સરકારનો ના છૂટકે કેટલીક કડવી વાતો કહે છે ત્યારે પ્રચારના ઝંઝાવાતમાં દિશાશૂન્ય બની ગયેલા રાજનેતાઓને જરૂર થોડું માઠું લાગતું હશે. બંધારણે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિને તો દેશના સર્વોચ્ચ બંધારણીય વડા - રાષ્ટ્રપતિની શપતવિધિનો અધિકાર આપેલો છે. સ્વાભાવિક છે કે ન્યાયપાલિકાની કારકિર્દીમાં ઊંચા પદો પર પહોંચેલી પ્રતિભાઓને રાજકારણના નામે ચાલતા ગોરખધંધા જોઈ વિષાદ જ થાય. આથી તેઓ કેટલીક બાબતો 'સુઓ મોટો' સ્વીકારી લઈ ચુકાદા આપે છે. એમનાં સૂચનોનો સરકાર વિરોધ તો નથી જ કરતી કારણ કે એમ કરવા જાય તો અદાલતનું અપમાન કર્યાની ગુનેગાર ઠરે. પરંતુ ચુપચાપ ઠપકો સાંભળી લઈ 'વો હી રફતાર બેઢંગી' ચલાવ્યે રાખવાની સરકાર ચાલકોને ફાવટ આવી ગઈ હોય છે. હમણાં પરપ્રાંતીય શ્રમિકો પૈકી કેટલાય લોકોને ભૂખે મરવું પડે છે - પાણી પીને ભૂખ શમાવી દેવી પડે છે, એ મુદ્દે સુઓ મોટો યાચિકા દાખલ કરીને સુપ્રીમ કોર્ટના બે વિદ્વાન ન્યાયમૂર્તિઓની બેન્ચે સરકારનો ઉધડો લીધો છે. આવા શ્રમિકો અને ખેડૂતો જ દેશના વિકાસમાં પાયાની ઈંટો તરીકે પુરાયેલા હોય છે. કોરોનાકાળમાં ઘણા બધા શ્રમિકોની રોજી રોટી છીનવાઈ જતાં એ પોતપોતાના વતન તરફ ચાલ્યા ગયા હતા. પૈસા તો હતા નહીં, એટલે પેટની પૂજા કરવા માટે સર્વત્ર ઉપલબ્ધ પાણી જ કામ લાગ્યું અને ઘણાએ ભૂખને કારણે દમ તોડી દીધો. ખાદ્ય સુરક્ષા કાયદો અમલમાં હોવા છતાં આ દેશમાં ઘણા લોકોને ભૂખને લીધે મૃત્યુ પામે છે. અદાલત આવા કમનસીબ શ્રમિક પરિવારોને મફત કે સસ્તા દરે રાશન મળી રહે એવી જોગવાઈ કરવાનું સૂચન કર્યું છે. તરસ્યો માણસ કૂવા સુધી આવી શકવાની શક્તિ ન ધરાવતો હોય તો કૂવાએ તરસ્યા માણસ પાસે પહોંચી જઈ એની તરસ છિપાવવી જોઈએ - એ મતલબનું નિરીક્ષણ પ્રશંસાપાત્ર તો છે, પરંતુ શું એનો ગંભીરતાપૂર્વક અમલ થવાનો છે? આ દેશમાં રાજકીય માંધાતાઓથી લઈ બ્યુરોક્રેટ્સની દાનત વિશે ભાગ્યે જ ઊંચો અભિપ્રાય આપી શકાય એમ છે. સુપ્રીમ કોર્ટના વડા ન્યાયમૂર્તિ રમણ હવે નિવૃત્તિના આરે છે. એમને છેલ્લે છેલ્લે રાંચીની ધુર્વા ખાતે જયુડિશિયલ એકેડમીના એક કાર્યક્રમમાં મીડિયા પર ઠાલવેલ પુણ્યપ્રકોપ દાદ માગી લે તેવો છે. મીડિયા પાસે આમ જનતાની જે અપેક્ષા રહે એથી કંઈ જુદો જ વ્યવહાર જોવા મળે છે. કોઈ પણ કેસ બાબતે ટીઆરપી વધારવાની લાયમાં ઈલેકટ્રોનિક મીડિયા સીધો જ મીડીયા ટ્રાયલ શરૂ કરી દે છે જેથી અનુભવી ન્યાયાધીશો પણ ચુકાદો આપતાં મૂંઝાઈ જતા હોય છે. ન્યાય વિતરણ સંબંધી મુદ્દાઓ પર ભળથી માહિતી અને એજન્ડા આધારિત ચર્ચા ચલાવીને આખી વાતને જુદો જ વળાંક આપી દેવાયો હોય છે. મુખ્ય ન્યાયમૂર્તિએ આવી 'કાંગારું કોર્ટો' ચલાવતી મીડિયા ચેનલો સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. પ્રિન્ટ મીડિયા હજુ પણ થોડું વિશ્વસનીય રહ્યું છે - પણ ઈલેકટ્રોનિક મીડિયા તો સાવ જ પક્ષપાતી વલણ લેતું વપરતાય છે. મુખ્ય ન્યાયમૂર્તિની ઈચ્છા તો રાજકારણમાં પડવાની હતી, પણ નિયતિએ એમને ન્યાયપાલિકા તરફ ધકેલ્યા. સામાન્ય ખેડૂત પરિવારનો દીકરો કે જેણે સાતમા ધોરણ સુધી તો 'એબીસીડી' નહોતી ઘૂંટી તે દેશના વડા ન્યાયમૂર્તિ તરીકે નિવૃત્ત થઈ રહ્યો છે. આમ જુઓ તો આ લોકશાહીનો જ વિજય છે. પરંતુ ન્યાયપાલિકા પણ જો રાજકારણીઓની નજરે ન્યાય તોળવા લાગશે તો દેશ કયાં જશે એની કલ્પના કરવી અઘરી છે. પૂર્વ વડા ન્યાયમૂર્તિ ગોગોઈ નિવૃત્ત થતાંવેંત સીધા જ રાજયસભામાં નિયુક્ત થયા તે શું સૂચક નથી ? પ્રજાનો ભરોસો નેતાઓ પર તો નથી રહ્યો - પરંતુ ન્યાયપાલિકા પરથી પણ એ ઊઠી જશે તો પછી અંધાધૂંધીનો કોઈ ઉકેલ જ નહીં જડે.

# ગેરકાયદેસર બાંધકામ નિયમબધ્ધ કરવા કાયદો લાવવામાં આવશે




ગેરકાયદેસરનું બાંધકામ નકશા વિરૂધ્ધનું કરવામાં આવેલ હોય તો, નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૨૯(૧), ૨૯(૧)(૨), ૪૯(૧)(ખ) મુજબ સત્તા મંડળ અનઅધિકૃત બાંધકામ દૂર કરવા દબાણકર્તાને નોટીસ પાઠવી દબાણ સ્વ ખર્ચે દૂર કરાવી જમીન મૂળ સ્થિતિમાં લાવવા હુકમ કરી શકે છે.

ગુજરાતમાં મોટાભાગનાં જીલ્લામાં બિલ્ડરો દ્વારા બાંધવામાં આવતી મિલકતો તથા નાગરિકોને વાપર, ઉપભોગ, વસવાટ કરતા મકાન, દુકાનો, ઓફીસની ૮૫% જેટલી જગ્યા તથા બિલ્ડીંગ, જી.ડી.સી.આર.ની જોગવાઈનાં નિયમો વિરૂધ્ધ નકશા પાસ કરાવ્યા હોય તેના કરતા વિસંગત બાંધકામ કરેલ હોય અગર તો બી.યુ. પરવાનગી મેળવ્યા બાદ વધારાનું બાંધકામ મિલ્કતનાં વપરાશકર્તા દ્વારા કરવામાં આવેલ છે. સરકારી જમીનમાં કરેલ આવા પ્રકારનાં બાંધકામને રેગ્યુલાઈઝ કોઈપણ સંજોગોમાં કરવામાં આવી શકે નહી. આવા ગેરકાયદેસરના દબાણકર્તા સામે સરકાર લેન્ડ ગ્રેબિંગની ફરીયાદ કરી મિલકતનો કબજો સરકાર નગરપાલિકા, મહાનગરપાલિકા કે પંચાયતની હદમાં કરવામાં આવેલ હોય તો ઓથોરીટી આવો કબજો ખાલી કરી દબાણકર્તા સામે કાયદેસરની ફરીયાદ કરી કાર્યવાહી કરશે, પરંતુ જે વ્યક્તિ, સંસ્થા કે ઓફીસમાં પ્લાન પાસ સિવાયનું વધારાનું બાંધકામ કરવામાં આવ્યું હોય તો તેવા પ્રકારનું બાંધકામ ઈમ્પેક્ટ ફીનાં નિયમની વ્યાખ્યામાં આવતું હોય તો ઈમ્પેક્ટ ફી લઈ સરકાર દ્વારા આવા પ્રકારનાં બાંધકામને નિયમબધ્ધ કરી આપવામાં આવશે, પરંતુ આવા પ્રકારનાં બાંધકામ જાહેર જનતાને અગવડ પડે તેવા અથવા રોડ, રસ્તા, કોમનપ્લોટ, બાગ, બગીચાને અથવા નાગરિકોના આવન-જાવનનાં માર્ગને અવરોધતા હોય અથવા અન્ય ત્રાહિત વ્યક્તિનાં સુખાધિકારનો ભંગ આવા બાંધકામથી થતો હોય અને આવા બાંધકામો નિયમબધ્ધ કરવા અરજદાર દ્વારા ઈમ્પેક્ટ ફી ભરવા ઓથોરીટી સમક્ષ રજુઆત કરવામાં આવેલ હોય તેમાં વાંધો, તકરાર ઉઠાવેલ હોય અને આવા વાંધા-તકરાર કાયદેસરનાં હોવાનું સાબિત થાય તો આવા પ્રકારનાં બાંધકામ પણ ઈમ્પેકટ ફી લઈ નિયમબધ્ધ કરી આપવાનો ઓથોરીટી ઈનકાર કરી શકે છે. તેમ છતાં ગેરકાયદેસરનું બાંધકામ નકશા વિરૂધ્ધનું કરવામાં આવેલ હોય તો, નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૨૯(૧), ૨૯(૧)(૨), ૪૯(૧)(ખ) મુજબ સત્તા મંડળ અનઅધિકૃત બાંધકામ દૂર કરવા દબાણકર્તાને નોટીસ પાઠવી દબાણ સ્વ ખર્ચે દૂર કરાવી જમીન મૂળ સ્થિતિમાં લાવવા હુકમ કરી શકે છે. તેમજ જમીન અગર તો મકાન અથવા વિકાસ કામનો વાંધો પડતા ઉપયોગ બંધ કરાવી શકે છે. જો બાંધકામ નિયમ અને શરતો પ્રમાણે સુસંગત ના હોય તો તેમાં જરૂરી સુધારા કરવા અગર મૂળ સ્થિતિમાં લાવવા નોટીસ પાઠવી શકે છે.

રાજ્યમાં ગેરકાયદેસરનાં બાંધકામનો વ્યાપ દિવસે-દિવસે વધતો જાય છે. હાઈકોર્ટમાં બી.યુ. પરમીશન લગત થયેલ એક પબ્લીક લીટીગેશનમાં સરકારશ્રીનો ન્યાય અભિપ્રાય નામ. હાઈકોર્ટ દ્વારા માંગતા સરકારશ્રીએ નામ. કોર્ટમાં સોગંદનામું રજુ કરી આવા પ્રકારનાં વધારાનાં બાંધકામનાં કારણે વપરાશ પ્રમાણપત્રો ઓથોરીટી દ્વારા ઈમ્પેક્ટ ફી લઈ નિયમબધ્ધ કરી આપવા જણાવેલ છે. જે આગામી માસમાં સરકારશ્રી તરફથી નવા નિયમો સાથે જાહેરનામું પ્રસિધ્ધ કરી નાગરિકો પાસેથી અરજી મંગાવવામાં આવશે.

રાજ્યમાં મોટા પ્રમાણમાં ગેરકાયદેસર બાંધકામનો રાફડો ફાટેલ હોય તે તોડવા તથા દબાણ દૂર કરવા અશક્ય છે. જેનાંથી ઘણા બધા કોર્ટ લીટીગેશનોનો સામનો પ્રજાજનોને કરવો પડે તેમ હોય માનવીય અભિગમ દાખવી સરકારે ઈમ્પેક્ટ ફીનાં ૨૦૧૧ના કાયદાને પુનઃ લાવવાની નામ. કોર્ટને ખાત્રી આપેલ છે. જે લગત સરકારશ્રી દ્વારા એક મુસદ્દો, નિયમો, ફી, માળખું ચો.મી. દિઠ કેટલી વસૂલ કરવી તે તમામ આગામી ચોમાસા સત્ર દરમિયાન વિધાનસભામાં વટહુકમ બહાર પાડી તેને કાયદાનું સ્વરૂપ આપવામાં આવશે જેનાથી ગુજરાતની જનતાને મોટી રાહત મળશે.

અગાઉ ૨૦૦૧માં ત્યારબાદ સને ૨૦૧૧માં સરકારશ્રી દ્વારા ઈમ્પેક્ટ ફીનો કાયદો લાવવામાં આવેલ, જેનો ઘણા બધા લોકોએ ફાયદો ઉઠાવી ફી ભરી અનિયમિત ગેરકાયદેસરનાં બાંધકામ નિયમબધ્ધ કરી વપરાશ પ્રમાણપત્રો, ભોગવટા પ્રમાણપત્રો, ઓથોરીટી પાસેથી મેળવી કાયદેસર નિયમબધ્ધ મકાન, દૂકાન, ઓફીસ, તથા કોમર્સિયલ કોમ્પ્લેક્ષ કરવામાં આવેલા.

અનુસંધાન પાના નં. ૭ પર

### દિન મહિમા

- વર્લ્ડ એમ્બ્રીયોલોજિસ્ટ ડે
- કરસનદાસ મૂળજી ની જન્મ જયંતિ, ઓગણીસમી સદીના ગુજરાતના પત્રકાર, લેખક અને સમાજ સુધારક
- જીમ કોર્બેટ ની જન્મ જયંતિ, ભારતીય શિકારી, પર્યાવરણવાદી અને લેખક

આજનું

### ઔષધ

- ૧૨-૧૪ તુલસીનાં પાન, ડાળખા અને માંજર સાથે દોઢ કપ પાણીમાં અડધો કલાક પલાળ્યા બાદ, પાણી ઉકળીને એક કપ બાકી રહે, ત્યારબાદ નવશેકું ઠંડુ થયે તેમાં મધ અથવા થોડો દેશી ગોળ ભેળવી પીવાથી ગળાનો સોજો, ગળામાં દુખાવો, ખાંસી-શરદી, વાયરલ કે મેલેરિયા તાવમાં એન્ટીઇન્ફલેમેટરી દવાની માફક જ ગળાનો દુખાવો-સોજો મટાડવામાં મદદ કરે છે.

### ખડખડાટ

- ભૂરો કાનના ડોક્ટરને બતાવી ઘરે આવ્યો ત્યારે ખબર પડી કે ભૂરાને વર્ષોથી જાહેરાતમાં ખોટુ સંભળાતું હતું કે... વ્હીસ્કી થોડી લ્યો ખીચખીચ દૂર કરો !!

આજનું

### વોટ્સએપ

- જો કર્મ પર વિશ્વાસ અને ઈશ્વર પર શ્રદ્ધા રાખશો, તો સમય ગમે તેટલો મુશ્કેલ હોય રસ્તો જરૂરથી મળશે.

# નમાલાપણું નમ્રતામાં ન ભળી જાય તે માટે સતત જાગતા રહેવું પડે છે




જીવનમાં જડતા વગરની દઢતા કેળવવાનું કપરું છે. નમાલાપણું નમ્રતામાં ન ભળી જાય તે માટે સતત જાગતા રહેવું પડે છે. અવિનયને પ્રવેશવા દીધા સિવાય વિદ્યાને જીરવવી એ પણ ઓછું મુશ્કેલ નથી.

- ગુણવંત શાહ

આજના સમયમાં આપણે બધે જ એવા પ્રકારનો એક સમૂહ જોયો છે કે જે ગારડિયા પ્રવાહ મુજબ સારા-નરસાનો ભેદ જોયા, જાણ્યા કે સમજ્યા વિના જ દરેક બાબતને ઉપરછલ્લું જ મૂલવે છે. વાતના ઊંડાણમાં જઈને તેને સમજવાની ન તો કોઈને ફુરસદ છે કે ન તો કોઈ રસ! પોતાના મનમાં જે ગ્રંથિ બંધાયેલી હોય તેને જ સાચી માનીને ઘણીવાર વ્યક્તિ સાવ જડ વલણ રાખતા થઈ જતા હોય છે. પોતાની વાત પ્રત્યે દેઢતા કેળવવી જરુરી છે પણ દેઢ હોવું અને જડ બની જવું એ બંને વચ્ચેની પાતળી ભેદરેખાને જાણવી તેમજ સમજવી અત્યંત જરુરી છે. ધર્મને લઈને આ પ્રકારનું વલણ સૌથી વધુ પ્રમાણમાં જોવા મળે છે. દરેક વ્યક્તિ પોતાની સ્વતંત્ર બુદ્ધિ તેમ જ સ્વતંત્ર વિચારસરણી ધરાવે છે માટે જે-તે ધર્મ માટેની તેની દઢતા જડતામાં ન પરિવર્તિત થઈ જાય તે ખૂબ કપરું કાર્ય છે. કોઈ ધર્મ કયારેય કોઈને નુકશાન પહોંચાડવાનું કે હીન માનવાનું શીખવી શકે જ નહિ માટે જયારે જયારે ધર્મના કારણે કોઈ પણ પ્રકારનો વિવાદ સર્જાય ત્યારે માનવું કે વ્યક્તિમાં સમજણ વિનાની ધાર્મિક બાબતોની જડતા પ્રવેશી ચૂકી છે જેના પરિણામે તે આ પ્રકારનું નકારાત્મક કાર્ય કરવા પ્રેરિત થયા હશે! શ્રી સ્વામી સચ્ચિદાનંદ લખે છે તેમ,

મઠો, મંદિરો, આશ્રમો, છપ્પનભોગ, સોનાના કળશો, સોના-ચાંદી મઢ્યા બારણાં અને બારસાખો, સામૈયાઓ, ભવ્ય વરઘોડાઓ - આ બધું કોઈ પણ જો માનવતા ન હોય, તમારા જ ધર્મ તથા સમાજના અંગભૂત અનાથ બાળકો કે લાચાર વિધવાઓ માટે જો કાંઈ જ ન થતું હોય તો તે બધાં ધાર્મિક જડતાનાં ચિહ્નો છે.''

અન્ય એક બાબત અત્યારે આપણે સૌ અનુભવી રહ્યા છે તે છે મહોરા પહેરીને જીવવાની રીત. બહારથી બધું જ સુંદર, સજ્જ અને સુશોભિત છે જયારે અંદરથી જીર્ણ-શીર્ણ ખંડેર જેવું ભયાનક! પહેલાના શિક્ષકો અને વડીલોને આપણે કહેતા સાંભળ્યા છે કે 'સોટી વાગે ચમચમ વિદ્યા આવે ઝમઝમ' પરંતુ, હવે માતા-પિતા, શિક્ષકો કે અંગત સંબંધીઓ પણ સાચી વાત કહેતા અચકાય છે. નમ્ર બનવાની આડશમાં કયાંક એક પ્રકારનું નમાલાપણું પ્રવેશી ગયું છે. દરેક વ્યક્તિ, દરેક સંબંધમાં જે તે વ્યક્તિને સંબંધિત વાત તેને મોઢામોઢ કહેવાનો રિવાજ જ જાણે બદલાઈ ચૂક્યો છે. દરેકને બીજાને સારું લાગે તેવી ખોટી વાહ-વાહ અને પ્રશંસા કરવામાં જ રસ છે તેવું નથી પણ ધીરે-ધીરે આ પ્રકારની કુટેવ તેમના જીવનનો, તેમના સ્વભાવનો જ એક ભાગ બની ગઈ છે તેનો તેમને ખુદને પણ ખ્યાલ રહેતો નથી. ઉલ્યું, તેને એકલો પાડી દઈને તેની હાંસી ઉડાવવામાં આવે છે. વોટ્સએપ પર હમણાં એક વાત ખૂબ ફરતી થઈ છે કે,

'અમારી ખામી અને ખુબીની વાત અહીં અમને જ કરજો, કેમ કે અમારી બીજી કે શાખા નથી.''

ઈશ્વરે ખુદ પોતે જ એ બાબતનું ખાસ ધ્યાન રાખ્યું છે કે એક જેવા બે વ્યક્તિઓ બનાવ્યા જ નથી. દરેક વ્યક્તિને ઘડવા માટેની તેની પાસે અલગ ડાઈ અલગ ''મોલ્ડ'' હોય છે અને એકવાર આ એક મોલ્ડ' વાપર્યા પછી તે ફરી કયારેય તેને રીપીટ પણ કરતો નથી. માટે દરેક વ્યક્તિ એકબીજાથી અલગ જ હોવાની તે અત્યંત સાહજિક અને સ્વાભાવિક છે. જે વાત એક માટે સાચી હોય તે અન્ય માટે ન હોય તેણ પણ બને માટે કોઈ પણ વ્યક્તિને એકસરખી રીતે ન મૂલવીએ તે જ જરુરી છે અને છતાં જો કોઈ બાબત કયાંક ખટકે તો તે મોઢામોઢ કહેવાની હિંમત પણ કેળવીએ અને જે કહી રહ્યું છે તેની નિયતને સમજવાની કોશિષ કરીને તેને સાંભળવાનું ધૈર્ય પણ વિકસાવીએ તે અત્યંત આવશ્યક છે.

ત્રીજી અને આવી જ મહત્ત્વની બાબત છે વિદ્યા, પદ, પ્રતિષ્ઠા કે હોદ્દો મેળવ્યા પછી પણ સારા ખરાબનો વિવેક ન ચૂકવો; વિનમ્રતાને જાળવી રાખવી ! આપણે હંમેશા આ બાબત જોઈ તેમ જ અનુભવી છે કે વ્યક્તિમાં વિદ્યા મેળવતી વખતે જે વિનય, વિવેક અને નમ્રતા હોય છે તે વિદ્યા મેળવ્યા પછી વધવાને બદલે ક્રમશઃ ઘટતી જાય છે. તેનામાં એક પ્રકારનો ઘમંડ અને મિથ્યાભિમાન અજાણતાં જ પ્રવેશી જાય છે અને તેના કારણે ઘણીવાર વ્યક્તિનું સામાજિક કે આર્થિક અધઃપતન થઈ જતું હોય છે. આ નુકશાન એ કોઈ વ્યક્તિગત નુકસાનમાત્ર નથી. પરંતુ, લાંબા ગાળે આ પ્રકારનું વર્તન કરનારા લોકો આપણી સમાજવ્યવસ્થાને તેમ ખોરવી દેતા હોય તેવું પણ જાણમાં આવે છે. અંગ્રેજી કવિ વર્ડ્ઝવર્થ પોતાની બહેન ડોરોથી સાથે સ્કોટલેન્ડ ગયા ત્યારે ફરવા નીકળ્યા. ખેતરમાં એક કિસાન કન્યા લણણી કરતી જાય અને ગીત ગાતી જાય. વર્ડ્ઝવર્થને તેની ભાષા, તેનું ગીત બિલકુલ સમજાયું નહીં પણ જે મસ્તીથી એ કિસાન કન્યા ગીત ગાતી હતી એનાં સ્પંદનો કવિતા સંવેદનશીલ ચિત્તને અસર કરી ગયાં. ભાષાનો અંતરાય ખરી પડ્યો અને વર્ડ્ઝવર્થે એ લણણી કરનારી કન્યા ઉપર એક કવિતા લખી જે પ્રખ્યાત છે. એ કવિતાનું શીર્ષક છે : ''સોલિટરી રીપર' એમાં વર્ડ્ઝવર્થ કહે છે કે, એ કિસાન કન્યાની મર્યાદા જાળવજો, એને કોઈ ડિસ્ટર્બ કરતાં નહીં. એ એની મસ્તીમાં મસ્ત છે. ગાતી જાય છે, કામ કરતી જાય છે. એને તમારી હાજરીથી ખલેલ પહોંચાડશો નહીં. પછી વર્ડ્ઝવર્થ એમાં એક પંક્તિ લખે છેઃ

સ્ટોપ હીયર, ઓર જેટલી પાસ. કાં તો અહીં થોભો અદબપૂર્વક, કાં તો શાંતિથી ખલેલ પહોંચાડ્યા વિના પસાર થઈ જાવ.' વિદ્યા મેળવવાની સાથોસાથ વિનયને પણ જાળવી રાખવાનું આનાથી ઉત્તમ કોઈ ઉદાહરણ ન આપી શકાય. તો આપણે પણ આ પ્રકારની સભાનતા આપણામાં કેળવીએ તે અત્યંત આવશ્યક છે.

- nehalgadhavi101@gmail.com

# એક બિનઝેરી ધામણ તડપી તડપીને મરી ગઈ તેની ધર્મેન્દ્રભાઈ ત્રિવેદીના મન પર એવી અસર પડી કે...




(ગતાંકથી આગળ...)

સાપને પકડતી વખતે જોખમ પણ હોય છે. બે વખત ધર્મેન્દ્રભાઈ તેનો ભોગ બન્યા છે. ગાંધીનગરમાં એક આઈએએસ ઓફિસરના બંગલામાં સાપ નીકળ્યો. ધર્મેન્દ્રભાઈ પર ફોન આવ્યો કે તમે આવો. એ વખતે ધર્મેન્દ્રભાઈ રોકાયેલા હતા. તેમણે કહ્યું કે મારો કોઈ સાથીદાર આવે છે. જોકે આઈએએસ ઓફિસરે આગ્રહ રાખ્યો કે તમે જ આવો. આપણે સાથે ચા પણ પીશું. ધર્મેન્દ્રભાઈ ગયા. નોકરે કોબ્રા સાપને ખૂબ હેરાન કરેલો એને એના માથા ઉપર ડંડો મૂકી દીધો હતો. એ ખતરનાક કોબ્રા ખૂબ નારાજ થયેલો હતો. ધર્મેન્દ્રભાઈને તેની ખબર નહોતી. તેઓ સાપને પકડવા ગયા તો જમણા હાથમાં પંજાના ઉપરના ભાગમાં સાપે તેમને દંશ દઈ દીધો. શીત નિદ્રા પછી બહાર આવેલા સાપનું ઝેર ઘણું તીવ્ર હોય છે. એ તીવ્ર ઝેરે અસર કરી. ધર્મેન્દ્રભાઈને સર્જરી કરાવવી પડી. ચામડી ઉપર અસર થઈ હતી. કુલ બે ત્રણ જગ્યાએથી ચામડી લઈને સર્જરી કરાવી. એ જમાનામાં તેમને ખાસો ખર્ચ પણ થયો હતો.

બીજી એક વખત એવું થયું કે ૨૦૦૯માં તેઓ વિદ્યાર્થીઓ સમક્ષ સાપ જાગૃતિનો કાર્યક્રમ કરતા હતા. ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ હતા. એ વખતે બૂમ પડી કે સાપ નીકળ્યો છે. એ એક ખતરનાક ખડચિતળો સાપ હતો. અંગ્રેજીમાં તેને ઈંજજીહ્ન'જ ફૈ કિહે છે. સર્પ જાતિનો તે દુર્વાસા ગણાય છે. ધર્મેન્દ્રભાઈ સાપને પકડવા આગળ વધ્યા. વિદ્યાર્થીઓનું ટોળું તેમની સાથે હતું. વિદ્યાર્થીઓની હરકતને કારણે સાપ અકળાયો. સાપે ધર્મેન્દ્રભાઈને જમણા પગની ગોઠણની પીંડી પર એક દાંત લગાડી દીધો. એક ટીપું ઝેર ધર્મેન્દ્રભાઈના શરીરમાં જતું રહ્યું. તેમણે તરત પાટો બાંધી દીધો. ધર્મેન્દ્રભાઈ દોઢ કલાકથી વિદ્યાર્થીઓને સમજાવતા હતા કે સાપ કરડે તો ડરવું નહીં. હવે તો પ્રેક્ટીકલ કરવાનું હતું. ધર્મેન્દ્રભાઈએ સાપને પકડીને ડબ્બામાં પૂરી દીધો, એ પછી તેમણે ૧૦થી ૧૫ મિનિટ પાછું વિદ્યાર્થીઓને સમજાવ્યું અને કહ્યું કે જુઓ મને તમારી સામે સાપ કરડ્યો છે. સાપ ઝેરી છે. હું કોઈ ભૂવા પાસે જવાને બદલે સિવિલ હોસ્પિટલમાં જઈશ. સાજો થઈશ અને થોડા સમય પછી પાછો તમારી સામે હાજર થઈ જઈશ. આપણે પાછી સાપની ચર્ચા કરીશું.

ત્યાંથી ધર્મેન્દ્રભાઈ સીધા સિવિલ હોસ્પિટલ ગયા. સારવાર કરાવી. પાંચ દિવસમાં સાજા થઈ ગયા અને થોડા મહિના પછી એ જ વિદ્યાર્થીઓ સમક્ષ તેમણે સાપનું જ્ઞાન આપ્યું.

આ જ શાળાનાં એક વિદ્યાર્થીનીની મમ્મીને સાપ કરડ્યો. એણે જીદ કરી કે મારી મમ્મીને હું ભૂવા પાસે નહીં જ લઈ જવા દઉં. મારી મમ્મીને હું સિવિલ હોસ્પિટલમાં જ લઈ જઈશ. ધર્મેન્દ્રભાઈએ જે વાત કરી હતી તેની અસર થઈ હતી. છેવટે એ વિદ્યાર્થીની પોતાની મમ્મીને સિવિલ હોસ્પિટલમાં લઈ ગઈ, તેમની સમયસર યોગ્ય સારવાર થઈ અને એમની મમ્મી બચી ગઈ.




જો ભૂવા પાસે લઈ જવામાં આવ્યા હોત તો કદાચ એમના મમ્મીનું અવસાન પણ થયું હોત.

ધર્મેન્દ્રભાઈ ત્રિવેદીની આશરે ત્રણ દાયકાની સાપ અંગેની પ્રવૃતિની મોટી અસર પડી છે. પહેલાં લોકો સાપને જોતાં જ મારી નાખતા. હવે એવું નથી કરતાં. એક વખત ધર્મેન્દ્રભાઈ અમદાવાદ હતા. ગાંધીનગરમાં કોઈના રસોડામાં સાપ નીકળ્યો. ઘરના લોકોએ તેને યોગ્ય રીતે પૂરીને રસોડું બંધ કર્યું. ધર્મેન્દ્રભાઈ સાડા-ત્રણ- ચાર કલાકે પહોંચ્યા તો બધાં ધીરજથી રાહ જોતાં હતાં. એ દિવસે ધર્મેન્દ્રભાઈને થયું કે પોતે જે કામ કર્યું છે તેની લોક અસર થઈ છે ખરી.

જોકે આ કરવા જતાં ધર્મેન્દ્રભાઈએ પેટ્રોલ પાછળ લાખો રૂપિયા, પોતાના અનેક કલાકો આપ્યા છે. બે-બે વખત ઈજાગ્રસ્ત થયા અને સર્જરી કરાવવાનો મોટો ખર્ચ પણ તેમણે પોતે ભોગવ્યો છે.

●●●

જેમનો પતિ જાનના જોખમે સાપ પકડતો હોય તેમનું આ વિશે શું કહેવું છે ? અમે ધર્મેન્દ્રભાઈનાં જીવનસાથી શિલ્પાબહેનને આ અંગે પૂછ્યું. તેમણે કહ્યું કે એ સાપ પકડીને તેમને બચાવે છે અને પર્યાવરણનું સુંદર કામ કરે છે એ જાણીને હું રાજી થયેલી. જોકે એક વખત તેમને સાપ કરડ્યો, બે-બે સર્જરી કરાવવી પડી ત્યાર પછી મેં તેમને ના પાડી કે હવે તમે સાપ પકડવાનું બંધ કરી દો. જોકે તેમણે મને સમજાવી કે મારા હાથે જેટલા સાપ બચવાના હશે તેટલા તો મારે પકડવાના તસે જ. બીજું, જે લોકો સાપ નથી પકડતા તેમનેય જો કરડવાનો હોય તો સાપ કરડે જ છે.

વળી, એક એવો બનાવ બન્યો કે તેના પછી તો મેં તેમને સાપ પકડવાની કોઈ દિવસ ના પાડી નહીં,

ગાંધીનગરની એક ઝૂંપડપટ્ટીના એક ઝૂંપડામાં સાપ ઘૂસી ગયો. છેલ્લા રૂમમાં એક નાનું બાળક, વચ્ચેના રૂમમાં સાપ અને પરિવારજનો બહાર. તેઓ ધર્મેન્દ્રભાઈને શોધતાં શોધતાં આવ્યાં. શિલ્પાબહેન ને આખી સ્થિતિની ખબર નહીં, તેમણે તો ગુસ્સામાં કહ્યું કે તમે હવે પાછા આવતા જ નહીં. વહેલી સવારે છાયાબહેન કોઈના ફૂંફાડાથી જાગી ગયા. મોડી રાત્રે ધર્મેન્દ્રભાઈ જે કોબ્રા પકડી લાવ્યા હતા તે ડબ્બામાં હતો અને અંદર ફૂંફાડા મારતો હતો. એ પછી ધર્મેન્દ્રભાઈએ બાળકવાળી વાત કરી. વાત સાંભળતાં સાંભળતાં શિલ્પાબહેન (કે જેઓ પોતે એક માતા છે.)ની આંખ ભીની થઈ ગઈ. તેમણે કહ્યું હવે હું તમને સાપ પકડતાં કદી નહીં રોકું. એ દિવસે ધર્મેન્દ્રભાઈએ માત્ર એક સાપ નહીં, બાળક અને તેની માતાને પણ નવજીવન આપ્યું હતું.

ધર્મેન્દ્રભાઈએ બીજી ત્રીજી હરોળ પણ ઊભી કરી છે. તેમના હાથ નીચે અને હૃદય સાથે વીસેક યુવાનો સાપ પકડતાં એટલે કે સાપનું સંરક્ષણ કરતાં શીખ્યા છે. તેમાં ભૂમિ પંડ્યા અને હાલ આણંદ ખાતે ડીસ્ટ્રીક્ટ ફોરેસ્ટ ઓફીસર તરીકે ફરજ બજાવતા નમ્રતા ઈટાલીયન જેવી યુવતિઓ પણ છે. વંદાથી ગભરાઈ જતી છોકરીઓ નીડરતાથી સાપ પણ પકડી શકે છે એ જાણીને નવાઈ લાગે તો ગૌરવ પણ થાય.

સર્પ અંગે બાળપણથી શરૂ કરેલી સર્પબચાવની તેમની પ્રવૃતિ આજે એક અનોખા મૂકામે પહોંચી છે. શો-ઓફ કરવાના મિજાજથી શરૂ થયેલી ધર્મેન્દ્રભાઈની સર્પ સાથેની યાત્રા આજે એક વૈચારિક પ્રક્રિયામાં બદલાઈ છે ત્યારે ધર્મેન્દ્રભાઈ સર્પમિત્રોની આજની પેઢીને જે કહેવા માગે છે તે માત્ર રસપ્રદ નથી, પરંતુ વિચારતા કરી મૂકે એવું છે. તેઓ કહે છે કે આઈડેન્ટીટી, નેમ અને ફેમની શોધમાં આજના યુવાનો સ્વપ્રસિદ્ધિ માટે સર્પ સાથે અનેક પ્રકારનું અનૈતિક વર્તન કરી રહ્યા છે. હકીકતે સમાજમાં નામના માટે આવા જોખમી સ્ટંટ, સંશોધનના નામે સર્પો સાથે થતા સ્કેલ કાઉન્ટિંગ અને સેક્સિંગ જેવી ક્રૂર પ્રવૃત્તિઓ સર્પ માટે અત્યાચાર સાબિત થાય છે. નામ અને પ્રખ્યાતિ માટે થતા સર્પ સાથેના સ્ટન્ટ જાનલેવા પૂરવાર થઈ શકે છે. ધર્મેન્દ્રભાઈએ પોતે પોતાની ભૂલોમાંથી શીખીને જીવન અને પ્રવૃતિમાં પરિવર્તન લાવ્યા છે. સર્પ સાથે આદરપૂર્વક વર્તતા હોવા છતાં જો સર્પદંશનો ભોગ બન્યા, તો ખોટી માનસિકતા સાથે થયેલી સ્ટન્ટબાજીમાં જીવનું જોખમ રહેલું છે. તેઓ સાવ સાચું જ કહે છે કે ફેસબુકમાં ચાર-પાંચસો લાઇક્સ અને વાહવાહી માટે જીવને જોખમમાં મૂકતાં પહેલાં ગંભીરતાથી વિચારવું જોઈએ.

ધર્મેન્દ્રભાઈ અને તેમના સાથીદારોએ પાટનગરમાં સાપ માટે જાગૃતિનું કાર્ય કર્યું, હજારો સાપોને નવજીવન આપ્યું તે ખરેખર ઘણી મહત્ત્વની અને મોટી વાત છે.

એક નવોદિત લેખક કહે છે કે ધર્મેન્દ્રભાઈ ઉત્તમ શિક્ષક પણ છે. તેઓ નવું નવું લખતાં શીખનારાને ખૂબ જ સારી રીતે પ્રોત્સાહન અને માર્ગદર્શન આપે છે.

શ્રી ધર્મેન્દ્રભાઈ વાર્તાકારના દીકરા એટલે વાર્તાઓ ના લખતા હોય તેવું તે કેમ બને ? તેઓ ઉત્તમ વાર્તાકાર છે. તેમનો "પુષ્પક" નામનો વાર્તાસંગ્રહ વખણાયો છે. તેમણે એ પહેલાં "કલ્પવૃક્ષ" નામના

અનુસંધાન પાના નં. ૭ પર